# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - તૃતીયખંડ
### પ્રશ્નપત્ર-૧

**સમય : સવારે ૯ થી ૧૨ — રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯ — કુલ ગુણ : ૧૦૦**

**અભ્યાસક્રમના વચનામૃત : લોયા ૫, ૬, ૧૨, ૧૭ વડતાલ : ૩, ૫, ૧૧ ગઢડા અંત્ય પ્રકરણ : ૨, ૭, ૮, ૯, ૧૧, ૧૨, ૧૬, ૨૧, ૨૬, ૩૮, ૩૯**

**(વિભાગઃ ૧ 'વચનામૃત' ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોના કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા સ્વામીની વાતુના પ્રમાણ | ૧ ગુણ |
| ૩. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા આપણા અન્ય શાસ્ત્રોનાં પ્રમાણ અથવા ગુરુપરંપરાનાં કીર્તનો - સાખી. | ૧ ગુણ |
| ૪. | ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. | પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. | આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે. (લો. ૬)**

જ. શ્રીજીમહારાજનો પ્રશ્ન : ભગવાન સંબંધી જે ભજન, સ્મરણ, કીર્તન, વાર્તા એ આદિક સાધન છે તેમાં એવું એક સાધન કયું છે જે, આપત્કાળ હોય ને સર્વે જાય ને જો એક રહે તો સર્વે રહે ? શ્રીજી મહારાજનો જ જવાબ :- ભગવાન સંબંધી તો એ સાધન છે જે નિશ્ચય રહે તો સર્વે આવે.

**૨. સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિનું ફળ (વર. ૧૧)**

જ. પૃથ્વીને વિષે જે ભગવાનનો અવતાર તેને મળેલા જે સંત તે સંગાથે જ્યારે એને અતિશય પ્રીતિ થાય, ત્યારે એ સત્પુરુષને વિષે એને કોઈ પ્રકારે દોષ ભાસે નહિ. અને જેને જે સંગાથે દૃઢ હેત હોય તેને તેનો અવગુણ કોઈ પ્રકારે આવે જ નહિ. અને તેનાં વચન પણ સત્ય મનાય. એવી રીતે લૌકિક માર્ગમાં પણ રીતિ છે અને કલ્યાણના માર્ગમાં પણ રીતિ છે. માટે સત્પુરુષને વિષે દૃઢ પ્રીતિ એ જ આત્મદર્શનનું સાધન છે અને સત્પુરુષનો મહિમા જાણ્યાનું પણ એ જ સાધન છે અને પરમેશ્વરનું સાક્ષાત્ દર્શન થવાનું પણ એ જ સાધન છે.

**૩. સીતાજીની ગુણગ્રાહક દૃષ્ટિ (ગ.અં. ૧૧)**

જ. 'હું મારા દુઃખ સારુ નથી રોતી, હું તો રામચંદ્રજીના દુઃખ સારુ રોવું છું. શા માટે જે, રઘુનાથજી અતિ કૃપાળુ છે. તે લોકાપવાદ સારુ મને વનમાં મૂકી, પણ હવે એમ વિચારતા હશે જે, 'સીતાને મેં વગર વાંકે વનમાં મૂકી છે.' એમ જાણીને કૃપાળુ છે તે મનમાં બહુ દુઃખ પામતા હશે. માટે રામચંદ્રજીને કહેજ્યો જે, સીતાને તો કાંઈ દુઃખ નથી ને વાલ્મીક ઋષિના આશ્રમમાં જઈને સુખે તમારું ભજન કરશે. માટે તમે સીતાને દુઃખે કરીને કાંઈ દુઃખ પામશો મા. એમ સીતાજીએ લક્ષ્મણજી સંગાથે કહી મોકલ્યું પણ કોઈ રીતે રામચંદ્રજીનો અવગુણ લીધો નહિ એવી રીતે જે ભગવાન ને ભગવાનના ભક્તનો કોઈ રીતે અવગુણ લે નહિ.

**૪. 'જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સંગાથે પણ હેત થાય જ નહિ.' (ગ.અં. ૧૬)**

જ. તેમ જ ભગવાનના ભક્તને પણ ભગવાન સંગાથે દૃઢ ટેક જોઈએ. અને જેવે રૂપે કરીને ભગવાનનું દર્શન પોતાને થયું છે ને તે સંગાથે જેને પતિવ્રતાના જેવી દૃઢ પ્રીતિ બંધાણી છે, તેને મોટા મોટા જે બીજા મુક્ત સાધુ તે સંગાથે પણ પ્રીતિ થાય જ નહિ.

**૫. ઉત્તમ ભક્ત થવા માટે ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય સંત કેવા હોય ? (ગ.અં. ૨૬)**

જ. ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય એવા જે સંત તે કેવા હોય તો ઇંદ્રિયો, અંતઃકરણ આદિક જે માયાના ગુણ તેની જે ક્રિયા તેને પોતે દાબીને વર્તે પણ એની ક્રિયાએ કરીને પોતે દબાય નહિ ને ભગવાન સંબંધી ક્રિયાને જ કરે ને પંચવર્તમાનમાં જ દૃઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે. એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા ને દેવ જેવા પણ ન જાણવા. કેમ જે, એવી ક્રિયા દેવ-મનુષ્યને વિષે હોય નહિ. અને એવા

સંત મનુષ્ય છે તો પણ ભગવાનની પેઠે સેવા કરવા યોગ્ય છે.

**પ્ર.૨ નીચે આપેલાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. અષ્ટાવરણે યુક્ત એવાં જે કોટિ કોટિ બ્રહ્માંડ તે જે અક્ષરને વિષે અણુની પેઠે જણાય છે એવું જે પુરુષોત્તમનારાયણનું ધામરૂપ અક્ષર તે રૂપે પોતે રહ્યો થકો પુરુષોત્તમની ઉપાસના કરે, તેને ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો કહીએ. **(લો. ૧૨)** (૫)

૨. એવી રીતે એ ચાર પ્રકારના જે મોટા પુરુષ કહ્યા તેમાં જે વીજળીના અગ્નિ જેવા તથા સમુદ્રના અગ્નિ જેવા મોટા પુરુષ છે, તેમની સેવા જો પોતપોતાના ધર્મમાં રહીને મન-કર્મ-વચને કરે તો તે જીવના હૃદયમાં માહાત્મ્ય સહિત ભક્તિ આવે છે. **(વર. ૩)** (૮)

૩. અને એવા જે આ પ્રત્યક્ષ પુરુષોત્તમ ભગવાન તે અક્ષરાદિક સર્વના નિયંતા છે, ઈશ્વરના પણ ઈશ્વર છે ને સર્વ કારણના પણ કારણ છે ને સર્વોપરી વર્તે છે ને તમારે સર્વેને એકાંતિકભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે અને આ ભગવાનના જે પૂર્વે ઘણાક અવતાર થયા છે, તે પણ નમસ્કાર કરવા યોગ્ય છે ને પૂજવા યોગ્ય છે. **(ગ.અં. ૩૮)** (૨૬)

૪. તેમ જેને વાત મનમાં લાગી ગઈ હોય તેને ઇંદ્રિયોને વિષે વિષયભોગની ઈચ્છા રહી છે એ શલ્ય તે સર્વ નીકળી જાય, કહેતાં વિષય ભોગમાંથી એની ઇંદ્રિયોની વૃત્તિ નીકળીને એક ભગવાનમાં વળગે અને સત્સંગી પણ એને જ કહીએ. **(ગ.અં. ૩૯)** (૩૩)

૫. જેને દેહનો અનાદર હોય ને દૃઢ આત્મનિષ્ઠા હોય ને પંચવિષયમાં વૈરાગ્ય હોય અને ભગવાનનો માહાત્મ્યે સહિત યથાર્થ નિશ્ચય હોય ને સૂઝે એવું દેશકાળાદિકનું વિષમપણું થાય તો પણ એની મતિ અવળી થાય નહિ. **(લો.૧૭)**(૭)

**પ્ર.૩ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. **કલ્યાણ : ૧. (ગ.અં. ૭)** જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખવી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. (૧૪) **૨. (ગ.અં. ૭)** જેમ વજ્રની પૃથ્વી હોય તેમાં વજ્રની ખીલી ચોડી હોય તે કોઈ રીતે ઊખડે નહિ, તેમ ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને દૃઢ રાખવું અને એવી રીતે જે ભગવાનનાં ચરણારવિંદને વિષે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે. (૧૫) **૩. (ગ.અં. ૧૨)** જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને કોઈ પ્રકારનું માન રાખવું નહિ. જે 'હું ઉચ્ચ કુળમાં જન્મ પામ્યો છું, કે હું ધનાઢ્ય છું, કે હું રૂપવાન છું, કે હું પંડિત છું.' એવું કોઈ પ્રકારનું મનમાં માન રાખવું નહિ અને ગરીબ સત્સંગી હોય તેના પણ દાસાનુદાસ થઈ રહેવું. (૨૦)

૨. **શ્રીજીમહારાજની અલૌકિક દૃષ્ટિ : ૧.(ગ.અં. ૨)** જેવી શ્વેતદ્વીપમાં સભા છે ને જેવી ગોલોક, વૈકુંઠલોકને વિષે સભા છે ને જેવી બદરિકાશ્રમને વિષે સભા છે, તેથી પણ હું આ સત્સંગીની સભાને અધિક જાણું છું અને સર્વે હરિભક્તને અતિશય પ્રકાશે યુક્ત દેખું છું એમાં જો લગાર પણ મિથ્યા કહેતા હોઈએ, તો આ સંત સભાના સમ છે. તે સમ શા સારું ખાવા પડે છે જે, સર્વને એવું અલૌકિકપણું સમજાતું નથી અને દેખવામાં પણ આવતું નથી, તે સારું સમ ખાવા પડે છે. (૧૧) **૨. (ગ.અં. ૨૧)** જેમ સોનાનો દોરો કર્યો હોય તે છયે ઋતુમાં સરખો રહે પણ ઉનાળાને તાપે કરીને ઢીલો થાય નહિ, તેમ જેનો દૃઢ સત્સંગ હોય તેને ગમે તેવાં દુઃખ આવી પડે તથા ગમે તેટલું સત્સંગમાં અપમાન થાય પણ તેનું કોઈ રીતે સત્સંગમાંથી મન પાછું હઠે નહિ એવા જે દૃઢ સત્સંગી વૈષ્ણવ છે, તે જ અમારે સગાંવહાલાં છે ને તે જ અમારી નાત છે. (૨૩) ૩. **(ગ.અં. ૨૧)** આ સત્સંગ છે તે તો અલૌકિક છે અને જેવો શ્વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જ આ સર્વે સત્સંગી છે. અને અમે તો જેવા સર્વથી પર જે દિવ્ય અક્ષરધામ તેને વિષે ભગવાનના પાર્ષદ છે તે જેવા જો આ સત્સંગીને ન જાણતા હોઈએ, તો અમને ભગવાન તથા ભગવાનના ભક્તના સમ છે. (૨૪)

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. (૨) મુદ્દાની સામે આપેલ અંક ગ્રંથના પાના નંબર દર્શાવે છે. (૩) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રસંગો માન્ય ન ગણાય. (૪) આ નોંધ**

પ્રશ્ન-૪, પ્રશ્ન-૫ અને પ્રશ્ન-૬ માં સરખી જ લાગુ પડશે.

(વિભાગ : ૨ 'સનાતન ધર્મ અભિગમ' ચતુર્થ આવૃતિ, જુલાઈ, ૨૦૦૬ના આધારે)

**પ્ર.૪ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મચર્યનો આગ્રહ (૪૨,૬૪,૬૫,૬૬,૬૭)**

(૧) મહર્ષિ યાજ્ઞવલ્કય કહે છે. कायेन मनसा वाचा सर्वावस्थासु सर्वदा । सर्वत्र मैथुनत्यागो ब्रह्मचर्यं प्रचक्षते ॥ એટલે શરીર, મન અને વચનથી સર્વ સ્થાને અને સર્વ સ્થિતિમાં મૈથુનથી સદા બચતા રહેવું તે બ્રહ્મચર્ય છે. (૨) બ્રહ્મચર્યને સંપ્રદાયમાં પ્રાણ સમો ધર્મ માનેલો છે. સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીને ભક્તચિંતામણીમાં ૪૩માં પ્રકરણમાં લખ્યું છે કે 'તે બ્રહ્મચર્ય છે બ્રહ્મસ્વરૂપ કહ્યું સનત્સુજાતે અનુપ'. (૩) અષ્ટાંગ બ્રહ્મચર્યનો મહિમા બ્રહ્મની તોલે મૂકી દીધો. (૪) શ્રીજીમહારાજ લો. ૬ માં કહે છે કે એક નિષ્કામપણું હોય તો સર્વ સાધન આવે. (૫) બ્રહ્મચર્ય પાળનાર ઉપર શ્રીજીમહારાજનો અત્યંત રાજીપો થાય છે એ મધ્ય ૩૩ વચ. માં સ્પષ્ટપણે જણાય છે. 'એક નિષ્કામી વર્તમાન દૃઢ હોય તો તેને આ લોકમાં તથા પરલોકમાં કોઈ ઠેકાણે ભગવાનથી છેટું રહેતું નથી. અને અમારે પણ કોઈ દિવસ તે ઉપરથી હેત ઓછું થતું નથી ને નિષ્કામી વર્તમાનની દૃઢતાવાળો દૂર હોય છતાં અમારી સમીપે જ છે અને અમે જે જે વાર્તા કરીએ છીએ તેને વિષે પણ નિષ્કામી વર્તમાનનું જ અતિશય પ્રતિપાદન થાય છે અને અમે જે થકી પ્રગટ થયા છીએ તે દિવસ થકી નિષ્કામી વર્તમાનને જ દૃઢ કરતા આવીએ છીએ. (૬) શ્રીજીમહારાજે પણ નાની ઉંમરથી જ ઉગ્ર તપ કરી આ સાધન સિદ્ધ કરવા સાધક જેવા પ્રયત્નો પણ કર્યા છે. પોતે જ વચ. પ્ર. ૭૩ માં જણાવે છે કે વીર્ય પરસેવા દ્વારા બહાર નીકળે છે એવું સાંભળ્યા પછી વીર્યને ઉર્ધ્વ રાખવા બે પ્રકારની જળબસ્તિ ને કુંજર ક્રિયા શીખ્યા, કામને જીતવાના આસનો પણ શીખ્યા હતા. એવા સાધન કર્યા કે શરીરમાંથી પરસેવો જ નીકળે નહી. (૭) લોજમાં રામાનંદ સ્વામીના આશ્રમમાં આવ્યા ને તરત જ ભાઈ-બાઈની સભા નોંખી કરાવી. નીલકંઠના સંસ્કારદાતા ધર્મદેવ તો ધર્મનું સ્વરૂપ હતા. ધર્મદેવ પાસે સ્ત્રીઓએ વિનંતી કરી કે તમે અમને ઉપદેશ આપો. અમારે તમને ગુરુ કરવા છે. ત્યારે નિર્વિકાર ધર્મદેવે ભક્તિમાતાને ગુરુ કરવા ભલામણ કરી. (૮) લોજમાં આશ્રમની દિવાલમાં ગોખલો હતો. જેના દ્વારા બાજુમાં સ્ત્રી પાસે દેવતા ને બીજી વસ્તુનો વ્યવહાર ચાલતો. વર્ણીને આ છિદ્ર ધર્મમાં લાગ્યું ને ગોખલો પૂરાવી દીધો. (૯) આશ્રમમાંથી સ્ત્રીઓનો જવા-આવવાનો રસ્તો પણ નિષ્કામ ધર્મની દૃઢતાવાળા વર્ણીએ જ બંધ કરાવી દીધો હતો. (૧૦) આવા જ બ્રહ્મચર્યના આગ્રહવાળા શ્રીજીમહારાજે સં. ૧૮૮૨માં વરતાલમાં પોતાના ભક્તો-સંતો માટે શિક્ષાપત્રીમાં લખ્યું છે કે 'અમારે આશ્રિત એવા જે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે સ્ત્રીમાત્રનો સ્પર્શ ન કરવો અને સ્ત્રીઓ સંગાથે બોલવું નહિ અને જાણીને સ્ત્રીઓ સન્મુખ જોવું નહિ. (શિક્ષાપત્રી-૧૭૫) અને પોતાના બ્રહ્મચર્યવ્રતનો ભંગ થાય એવું વચન તો પોતાનું ગુરુનું પણ ન માનવું. આવી આજ્ઞા પણ ગુરુ આજ્ઞાપાલનના આગ્રહવાળા શ્રીજીમહારાજે જ કરી છે છતાં અતિરેક નિવારવા આપત્કાળે અડીને પણ રક્ષા કરવાની વાત પણ શ્રીજીમહારાજે કરેલ છે. આમ, આ સંપ્રદાય ઉજળા સંપ્રદાય તરીકે પંકાયો તેનું કારણ શ્રીજીએ સ્થાપેલ આવા શુદ્ધ નિયમધર્મની દૃઢતાવાળા ભક્તો જ છે. શ્રીજીમહારાજ પણ કહે છે હું તો સુગાળવો આવ્યો છું તે સ્ત્રી-પુરુષને ભેગા નહિ થવા દઉં. (બ્રહ્મચર્ય પળાવીશ) શ્રીજીમહારાજનો આવો આગ્રહ જ બ્રહ્મચર્યને સંપ્રદાયમાં મોખરું સ્થાન આપે છે.

**૨. શાકાહાર મનુષ્યોનો સાચો ખોરાક અને માંસાહારની ત્રુટિઓ**

ખોરાકનો આધાર માણસની શરીર રચના ઉપર ખૂબ જ અવલંબન રાખે છે. માંસાહારી પ્રાણીઓની શરીર રચના અને શાકાહારી પ્રાણીઓ તથા માનવોની શરીર રચનામાં જ ભિન્નતા છે. ૬

૧. **શરીર રચના :** (૧) આંતરડાની લંબાઈ (૨) ખોરાકના પાચનમાં હાઈડ્રોક્લોરિક એસિડની અસમાનતા (૩) તીક્ષ્ણ નહોર (૪) દાંતની રચના (૫) શાકાહારીમાં ખોરાક-ચાવતી વખતે ટાયલીન તત્ત્વ (૬) વૈજ્ઞાનિકોનો તર્ક. ૬-૭

૨. **માંસાહારની ત્રુટિઓ : ત્રણ પ્રકારના નુકશાન** ૮ થી ૧૨

(૧) **શારિરીક નુકશાન :** કોલેસ્ટ્રોલ વધારી હૃદયરોગના દર્દી બનાવે - લોહીની નળીઓમાં ચરબી જામી બ્લડપ્રેશર અને હૃદયરોગના હુમલા વધારે - ફાઈબરના અભાવે બાઈલ એસિડનું પ્રમાણ વધતાં કેન્સરનો ભય - આંતરડાના કેન્સરનું પ્રમાણ વધારે - બેકટેરિયાજન્ય વિષ - જાળવણીમાં વપરાતા નાઈટ્રાઈટસ તથા નાઈટ્રેટ્સ બંને તત્ત્વો કેન્સર ઉત્પન્ન કરનાર - કિડનીને ત્રણ ગણો પરીશ્રમ - માનવ શરીરને જરૂરી કાર્બોહાઈડ્રેટસ નથી - કેલ્શિયમના અભાવે હાડકાંનો રોગ 'ઓસ્ટીઓ પોરાસીસ' નામનો રોગ - પશુઓના રોગો શરીરમાં પ્રવેશવાનો અવકાશ. (૨) **માનસિક નુકશાન :** 'અન્ન એવું મન' મન પર ખરાબ અસરો - પશુઓની આદતો - વૃત્તિ આપણામાં આવે - મનુષ્યમાં રહેલી હિંસકવૃત્તિ માંસાહારથી વધુ ઉત્તેજિત થાય છે. - જ્યોર્જ બર્નાડ શો કહે છે 'યુદ્ધોની ઉત્પતિ, અપરાધોની વૃદ્ધિ, મનોવિકારનું પૂર તથા આવેશ અને ક્રૂરતા મુક્ત પ્રકૃતિ એ બધાનું કારણ વધતો જતો માંસાહાર છે. (૩) **આધ્યાત્મિક નુકશાન :** હિન્દુ શાસ્ત્રો, બાઈબલમાં પણ

માંસાહારનો વિરોધ - શાસ્ત્ર આજ્ઞાનો લોપ - માંસાહારથી અધોગતિ પણ થાય છે - ઉપરિચરવસુ રાજાએ દેવો અને ઋષિઓના વિવાદમાં યજ્ઞમાં માંસનો ઉપયોગ કરવો એવો નિર્ણય આપ્યો તો રાજાનું સ્વર્ગમાંથી પતન થયું.

**વૈજ્ઞાનિકોની ચેતવણી :** દુનિયા જો માંસાહાર ચાલુ રાખશે તો વસ્તી વધારાને કારણે અનાજની અછત વધુ તીવ્ર બનશે.

**૩. પુનર્જન્મના પુષ્ટિદાયક સાંપ્રદાયિક પ્રસંગો અને અન્ય ધર્મોની માન્યતા**

૧. પૂર્વભૂમિકા - યહુદી પુરાણ અથવા શાસ્ત્રમાં - આ જન્મનાં કરેલાં કર્મોનાં ફળભોગ આ જ જન્મમાં થાય છે - મનુષ્ય જાતિના પુરુષ સિવાય અન્ય કોઈ દેહધારીને આત્મા નથી. સર્વવ્યાપી બ્રહ્મની કોઈ કલ્પના જ નથી. યહોવા, ગોડ, અલ્લાહ તે પુરુષ છે. સ્વર્ગમાં રહે છે. એનો અવતાર થતો નથી. માનવદેહધારી સ્ત્રીને વિષે આત્મા નથી. તે જડ છે. તેથી પશ્ચિમમાં ભોગવાદ વધ્યો છે. ૧૨૦-૧૨૧

૨. યહુદી મતમાં ઈશ્વરના પ્રેરિત મસીહા ભવિષ્યમાં આવશે. ખ્રિસ્તીના મતથી મસીહા ઈશુ છે. તે પૃથ્વી પર અવતીર્ણ થઈ ગયા. મુસ્લિમના મતથી મહમ્મદ ઈશ્વરના દૂત (અલ્લાહ કે પૈગમ્બર) છે. ૧૨૧

૩. ખ્રિસ્તી અને મુસ્લિમના મતાનુસાર આત્મા અને દેહનો સંબંધ ઘણું કરીને અવિચ્છેદ છે. માટે મિશ્ર દેશના 'મમી' ભૂમિમાં દફનાવવામાં આવે છે. ન્યાયતુલાના દિવસે ઈશ્વરના સિંહાસનની જમણી બાજુ ધાર્મિક લોકો અને ડાબી બાજુ પાપી લોકો ઊભા રહેશે. ૧૨૧

૪. એક માત્ર આ જન્મના કર્મફળથી અનંત કાળ સુધી સ્વર્ગ કે નરક ભોગવવું પડશે. ખ્રિસ્તી અને મુસ્લિમ દર્શન અનુસાર અન્ય લોકો નરકાગ્નિમાં જ પડશે. ૧૨૧

૫. રોમન કેથલિક લોકો સમજે છે કે પ્રોટેસ્ટન્ટ આદિ ખ્રિસ્તી પણ નરકમાં પડશે. મુસ્લિમ શિયા-સુન્ની આદિ માટે પણ એ જ ધોરણ સ્વીકારાય છે. ૧૨૧

૬. આ બધાં ધર્મોનાં દર્શનમાં જીવ જગત પુરુષના ભોગ માટેનું સાધન માત્ર છે. ગમે તે પ્રાણીની હિંસા કેમ ન કરાય ? તેથી તે જીવની હિંસામાં કોઈ પાપ નથી. એમ જણાય છે કે આ મતોમાં અહિંસાને માટે કોઈ સ્થાન જ નથી. ૧૨૧-૧૨૨

૭. કારિયાણીના વીકમશી ખાચર પૂર્વ જન્મ ખંભાતના નારણ સુથાર - સત્યતાની ખાતરી માટે મહારાજે આપેલી નિશાની પાટડામાં પાંચસો રૂપિયાની વાંસળી. ૧૪૧

૮. વૃંદાવનમાં લક્ષ્મીચંદ શેઠ - કારિયાણીમાં નથુ પટેલ - ધરમપુરના રાણી કુશળકુંવરબા પૂર્વ જન્મમાં રાજપૂત રાજાની કુંવરીને સુલતાનના જનાનખાને જવું પડ્યું - શુભ સંકલ્પ સાથે અડાલજની વાવ બંધાવી - મહારાજે સ્નાન કર્યું અને મહારાજનો યોગ - ગઢડાના જેઠા મેર સો જન્મથી છેડા વર્તમાન પાળતા હતા. ૧૪૨

**(વિભાગઃ ૩ ભગવાન સ્વામિનારાયણ : ભાગ-૨, ૩, ૪ પાંચમી આવૃત્તિ એપ્રિલ -૨૦૦૫ના આધારે)**

**(ભાગ-૨ ઉદ્‌ગીથ ૧૧,૧૪,૧૭,૧૯,૨૦,૨૫,૨૬,૨૮)**

**(ભાગ-૩ ઉદ્‌ગીથ ૧, ૨, ૪, ૬, ૯, ૮, ૧૦, ૧૪, ૧૫, ભાગ-૪ ઉદ્‌ગીથ ૩, ૪)**

**પ્ર.૫ નીચે આપેલાં વિષયોમાંથી કોઈ પણ એક ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. પરમહંસોની સહનશક્તિ અને શ્રીહરિનો પુણ્યપ્રકોપ.**

**પરમહંસોની સહનશક્તિ :**

૧. મુક્તાનંદ સ્વામી ધ્રાંગધ્રામાં - વૈરાગીઓનો ત્રાસ સહન કરીને પણ સત્સંગ પ્રવર્તન. ૨/૨૫૮ થી ૨૫૯

૨. સંતો વતી મુક્તાનંદ સ્વામીની પ્રાર્થના - મહારાજનો પ્રત્યુતર. ૨/૨૬૧

૩. પરમહંસોની કસોટી. ૨/૪૧૪-૪૧૬

૪. મહારાજના સંતોનું જીવન. ૩/૬૦

**શ્રીહરિનો પુણ્યપ્રકોપ :**

૧. અહીં નરમેઘ થશે. મહારાજે કરેલી આગાહી. લોલંગરે છૂટા મૂકેલા તેના બાવાઓ. ૨/૪૬૩-૪૬૪

૨. લોલંગરના બાવાઓએ સાધુઓ ઉપર વર્તાવેલો ત્રાસ. ૨/૪૬૪

૩. લાલદાસ ગોરાએ છોડાવેલા ચાર સાધુ ૨/૪૬૪-૪૬૫

૪. લોલંગર બાવાનો શિકાર બનતા મુક્તાનંદ સ્વામી - 'આજે બ્રહ્માંડ બોળી દેવામાં મને સંકોચ થશે નહિ.' મુક્તાનંદ સ્વામીને મારેલા મારથી મહારાજે કરેલો સંકલ્પ. ૨/૫૬૭ થી ૫૬૮

૫. સાધુઓને સુરત મોકલ્યા - આજે ખાંડાના ખેલ ખેલવાના છે. ૨/૪૬૯,૪૭૧

૬. ચાર પાડ્યા ચોકમાં - સાચી અહિંસા ૨/૪૭૨, ૪૭૩, ૪૭૪

## ૨. કુશળકુંવરબાને પ્રગટ ભગવાનની પ્રાપ્તિ અને માણેલું સુખ


૧. પૂર્વભૂમિકા - પ્રગટ ભગવાન કાંડુ પકડશે ત્યારે કલ્યાણ થશે. ૩/૩૯૯

૨. ધરમપુરમાં મહારાજનું ભવ્ય સ્વાગત. ૩/૪૦૩

૩. ભક્તો પહેલાં, મહારાજ પછી - આપ અનંત અવતારોનું મૂળ છો. ૩/૪૦૫

૪. મેં તમારો અપરાધ કર્યો છે. ૩/૪૦૭

૫. લાજ એ ધર્મની બહેન છે - સુરતનો સંઘ આવે છે - હાથીની સવારીમાં શોભે એવો પોષાક છે. ૩/૪૦૮ થી ૪૧૦

૬. ગઢપુરથી મંડળ આવે છે - દાદા વગર અમારાથી પણ નહિ રહેવાય - તમને અણી શુદ્ધ ચોખા કરવા છે. ૩/૪૧૩-૪૧૪

૭. 'બ્રહ્મચારી ! અમને ભૂખ લાગી છે.' - હું જ મહારાજને જમાડવા આવું છું. - કુશળકુંવરબા ૩/૪૧૭

૮. આ રાજમાતા તો સાક્ષાત્ અન્નપૂર્ણા છે - અમારું અંતર્યામીપણું કામમાં ન આવ્યું. - શ્રીજીમહારાજ ૩/૪૧૮,૪૧૯

૯. અનિર્દેશ તે કયો દેશ છે ? - કુશળકુંવરબા ૩/૪૨૭

૧૦. મહારાજનું પૂજન - મહારાજ, આપ આ રાજ્ય ન સ્વીકારો ? - કુશળકુંવરબા ૩/૪૨૮

૧૧. રાજ્ય વધારવાનો લોભ રાખશો નહિ. - શ્રીજીમહારાજ ૩/૪૨૯


## ૩. ભક્તોની સહાયમાં શ્રીહરિ


૧. મહારુદ્ર મહારાજના દર્શને - મહારાજને વિનંતી કરી - આપે આગાહી કરી છે તેથી આપની આજ્ઞા નહિ પાળે તેનો કચ્ચરઘાણ નીકળી જશે. આપના ભક્તનો અપરાધ થઈ જાય તો ક્ષમા કરશો - આપના સંતોને વામમાર્ગી બાવાઓએ માર્યા - આવા બાવાઓને લીધે ભાગવત ધર્મનું સ્થાપન નહિ - થાય માટે આપની પ્રેરણાથી અધર્મનો નાશ કરીશ. ૩/૨૪૦

૨. મહારાજે દાદાખાચરનાં ઢોર ગુજરાતમાં મોકલી વેચાવી દીધા હતાં - ઢોરના વેચાણમાંથી ઊપજેલ રકમમાંથી તુવેર, ચોખા, બાજરો, જુવારના કોઠાર ભરી દીધા. ૩/૨૪૧

૩. દાદાના દરબારમાં સદાવ્રત કરવાનો સંકલ્પ - ઝીણાભાઈને ત્યાં સો કળશી જુવારની ખાણ નખાવી હતી. લીમડીના મૂળજી શેઠના ઢોર વેચાવી અનાજ લેવડાવ્યું હતું. બંને ત્યાં સુધી ભૂખના દુઃખે લોકોને મરવા ન દેવાની મહારાજની દયાળુ પ્રકૃતિ - મહારાજ ગુપ્તવેશે ઉદાસીનતા ધારણ કરી દાદાના દરબારમાં રહેવા લાગ્યા. તપસ્વીનો વેશ ધારણ કર્યો. કેટલાક સંતોને સુરત મોકલી દીધા. ૩/૨૪૧-૨૪૨

૪. મહારાજ રાત્રે વેશપલટો કરી અનાજ વહેંચવા નીકળતા - સત્સંગી કે બિનસત્સંગીના ભેદ વિના અનાજ વહેંચતા. ૩/૨૪૨

૫. જીવા શીંધવે મહારાજને કહ્યું કે વરસાદ નહિ પડે તો માણસ માણસને ખાશે. આપ ભગવાન છો. આપનું ધાર્યું જ થાય છે. મહારાજે રાત્રે કૃપા કરી તેના ખેતરમાં વરસાદ વરસાવ્યો. ૩/૨૪૩

૬. સુરાખાચરની વિનંતીથી મહારાજ સંતોને તેમના દરબારમાં મોકલવા તૈયાર થયા. ૩/૨૪૫

૭. મહારાજ વેશપલટો કરી બોટાદમાં - હમીર ખાચર મહારાજને ઓળખી ન શક્યા. ૩/૨૪૫-૨૪૬

૮. એભલ ખાચરના દરબારમાં મહારાજે રાત્રિ સદાવ્રત શરૂ કરાવ્યાં હતા. કારણ સુખી ઘરનાં માણસો દિવસે અનાજ લેવા આવતાં અચકાતાં હતા - ભીમનાથના લોકોની પરિસ્થિતિ : કાળની વિષમતા ઘેરી - અનાજના સાંસા અનાજ મેળવવા ટોળેટોળા - ધક્કા મુક્કી - દીકરાને મળ્યું હોય તે ઝૂંટવીને મા ખાઈ જતી. ૩/૨૪૭

૯. જીવાખાચરને વિષ ઘોળવાનો વખત : જીવાખાચરે ભીમનાથના સદાવ્રતની વાત કરી. મહારાજની આંખમાં આંસુ - જીવાખાચર પોતે જમવા બેસે અને માંગણ આવે તો તેને થાળી આપી દેતા - વિષ ઘોળવાનો વખત આવ્યો છે તેવી વાત કરી. વસ્તાખાચરે શ્રીહરિની આજ્ઞાથી રૂપિયા એક હજારની સેવા કરી. હરિભક્તોએ પૂજન કરી આપેલ રૂપિયા જીવાખાચર તથા એભલખાચરને આપ્યા. કોઠીમાં અનાજ ભરી ઉપરથી છાંદી દેવાની આજ્ઞા. ૩/૨૪૮

૧૦. વસ્તાખાચરને મહારાજે ભાયાતો, કાઠીઓ, સત્સંગીઓ બધાને અનાજની મદદ કરવાની આજ્ઞા કરી. આમ અનાજની મદદ ન કરે તો ચોરી લૂંટફાટનું અનિષ્ટ વધી જાય. તે રોકવા મહારાજે વસ્તાખાચરને આવી આજ્ઞા કરી. ૩/૨૫૫-૨૫૬

૧૧. મેથાણના દેવશંકર અને કૃષ્ણજીને મળવા તેમના ગામને પાદર મહારાજ પધાર્યા. સૌની ખબર લેવા મહારાજ સ્વયં બધે વિચરતા. ભક્તોને કઠણકાળમાં મહારાજનો જ આશરો હતો. તેથી મહારાજ સ્વયં પધારતા. ૩/૨૫૬

૧૨. મેંથાણના દરબાર પૂંજાભાઈ તથા કાકાભાઈને મહારાજે જેતલપુરથી અનાજ અપાવ્યું. ૩/૨૬૦

૧૩. મહારાજ પંચાળા પધાર્યા. ઉપલેટાનાં વેરાભાઈ દર્શને આવ્યા. મહારાજની અનાજ સાચવવાની આજ્ઞા પાળી ન હતી તેથી દુઃખી હતા. મહારાજે ઝીણાભાઈ પાસે તેમને ખાનગીમાં વસ્ત્ર, દાણા, રકમ વગેરે અપાવી. ૩/૨૬૨

૧૪. ભાદરામાં વશરામ સુથાર મહારાજને ઓળખી ન શક્યા તેથી પાણી પીવા ન આપ્યું. ૩/૨૬૩

૧૫. સંતો રસકસ વગરનું જમતા. તેથી શરીરે અશક્ત થઈ ગયાં હતાં. બ્રહ્માનંદ સ્વામીનું રતાંધળાપણું જોઈ મહારાજની આંખો ભીની થઈ ગઈ. મહારાજે સંતોને ખટરસના નિયમ મૂકાવી સારું ભોજન જમાડવા હરિભક્તોને આજ્ઞા કરી. ૩/૨૬૬-૨૬૭

૧૬. કુંડળમાં રાઈબાઈની ઈચ્છાથી મહારાજે તપસ્વીનો વેશ વગેરે છોડીને વૈષ્ણવી ચિહ્નો ધારણ કર્યાં.
કાળના ઝપાટાને મહારાજે રોકી સમગ્ર દેશમાં દેશકાળ સારા થાય એવો સંકલ્પ કર્યો. ૩/૨૬૮

૧૭. સંતોના ભજનથી અષાઢ માસમાં મહારાજની કૃપાથી વરસાદ વરસ્યો. મહાકાળ અહીં થંભી ગયો. ૩/૨૭૨

**પ્ર.૬ નીચેનામાંથી કોઈ પણ બે વિષે ટૂંકનોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. વડોદરામાં શાસ્ત્રાર્થ**

૧. વેદાંતાચાર્ય વડોદરામાં ઉપજાવી કાઢેલી બનાવટી વાતો વડોદરાના દિવાનને કરી - દિવાનની ગાયકવાડ પાસે રજૂઆત. ૪/૫૮,૫૯

૨. વેદાંતાચાર્ય સાથે ફરીથી શાસ્ત્રાર્થ : ગાયકવાડ સરકારે વેદાંતાચાર્યનો દંભ ખુલ્લો પાડવા મહારાજને મોકલેલો વિનંતી પત્ર - મહારાજે શાસ્ત્રાર્થ માટે મુક્તાનંદ સ્વામીને જવા કરેલી આજ્ઞા. ૪/૬૦

૩. સયાજીરાવ મુક્તાનંદ સ્વામીના દર્શને - શાસ્ત્રાર્થની જાહેરાત. ૪/૬૧

૪. વેદાંતાચાર્યનો દંભ ઉઘાડો પડે છે - મુક્તાનંદ સ્વામીનો વિજય. ૪/૬૨ થી ૬૪

**૨. ખૈયા ખત્રીનું પરિવર્તન**

૧. સ્વામિનારાયણનું ભગવાનપણું અહીં ઉતારી લઈશું - લાડવા ખાવા છે કે ધૂળ ફાકવી છે. ૨/૩૧૭ થી ૩૨૦

૨. બ્રહ્માનંદ સ્વામી ભગવાનની ગાદી ઉપર બેસે છે - નિંગરા હળવો બોલ્ય, હળવો - ખૈયાના પ્રશ્નો. ૨/૩૨૦ થી ૩૨૨

૩. હિં નિંગરા તો કનૈયો આય. ૨/૩૨૩ થી ૩૨૪

**૩. સારંગપુરમાં - શ્રીહરિ અને ગુણાતીતાનંદ સ્વામી**

૧. ગુણાતીતાનંદ સ્વામીના ભાવથી લાવેલ ફૂલના શણગાર મહારાજે ધારણ કર્યાં. ૩/૨૨૨

૨. રાઠોડ ધાધલના પ્રાંગણમાં રાસમંડળમાં મહારાજની સામે ગુણાતીતાનંદ સ્વામી આવતા મહારાજ બોલ્યા, 'ઓહો, આ તો સદ્‌ગુરુ !' બે વર્ષ પહેલા દીક્ષા અને મહારાજે સદ્‌ગુરુ બનાવ્યા - મહારાજે ગાયેલા કબીરના પદ, - જોગિયા ટાળત જનમ કેરા ફાંસલા રે. - પ્રેમના પ્યાલા જોગિયા, જુગ જુગ જીવો સો જોગિયા. - કોટિ કૃષ્ણ જોડે હાથ, કોટિ વિષ્ણુ નમે માથ, - કોટિ શંકર ધરે ધ્યાન, કોટિ બ્રહ્મા કરે જ્ઞાન..... ૩/૨૨૩

૩. આનંદ સ્વામી અને મુક્તાનંદ સ્વામીને મહારાજનો પ્રશ્ન : 'એવા સદ્‌ગુરુ કોણ ?' - જવાબ : 'મહારાજ ! એવા સદ્‌ગુરુ તો આપ !' - અમે તો સર્વોપરી પુરુષોત્તમનારાયણ છીએ અને આ પદમાં જે મહિમા સદ્‌ગુરુનો કહ્યો તે સદ્‌ગુરુ તો આ ગુણાતીતાનંદ સ્વામી છે - કબીર સાકારવાદી, અક્ષરધામના મુક્ત હતા. તેમને અક્ષર અને પુરુષોત્તમના સ્વરૂપનું જ્ઞાન હતું. તે સચ્ચિદાનંદ અક્ષરબ્રહ્મ તે અમારું અક્ષરધામ ! ધામરૂપે તે અમને અને અનંતકોટિ મુક્તોને ધારી રહ્યા છે. તેમજ સાકાર રૂપે અક્ષરધામમાં અને અહીં અમારી સેવામાં સદા રહ્યા છે. તે ધામરૂપ અક્ષર તે જ આ ગુણાતીતાનંદ સ્વામી ! અનાદિ સદ્‌ગુરુ, મોક્ષનું દ્વાર, અમારા મહિમાને તત્ત્વે સહિત સમજવાનું સ્વરૂપ અને બ્રહ્મરૂપ થવાનું માધ્યમ ! એમને જ્યારે ઓળખશો ત્યારે અમારા સ્વરૂપનું તમને સૌને યથાર્થ જ્ઞાન થશે. એમના સંબંધે બ્રહ્મરૂપ થશો ત્યારે અમારી ભક્તિના અધિકારી થવાશે. ૩/૨૨૪ થી ૨૨૫

**૪. જાળિયામાં શ્રીહરિની મંદવાડ લીલા**

૧. જાળિયામાં હિરાભાઈને ત્યાં મહારાજ મંદવાડ ગ્રહણ કરે છે - મંદવાડની તીવ્રતા. ૩/૨૭૫-૨૭૬

૨. એ બધા બાયલા છે - મને પાશેર જલેબીની ના પાડો છો ? ૩/૨૭૭-૨૭૮

૩. ગંગાનું પાણી લાવો, અમારે નહાવું છે - આ ગાડાને ખેંચીને લાબું કરો. ૩/૨૭૯-૨૮૦

૪. નગા બાબરિયાને વિરાટ સ્વરૂપનાં દર્શન - આ ભગુજી તો સાવ ફોસી છે. ૩/૨૮૨

૫. જાળિયાના ભક્તોએ નિર્દોષબુદ્ધિ રાખી છે. ૩/૨૮૩

❑ ❑ ❑